# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૧

### જવાબપત્ર - ૧

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(કાલીદત્ત, સરયૂદાસ, ઈડરિયો, રામાયણ, બાંશી, કોટરા)**

**૧.** મુક્તાનંદ સ્વામી નીલકંઠને **સરયુદાસ** ના નામથી બોલાવતા.

**૨.** આણંદના બનાવને યાદ કરી મહારાજે કહ્યું, ‘‘આપણે કેવો **ઈડરીયો** ગઢ જીત્યો.’’

**૩.** ઘનશ્યામ હનુમાન મંદિરમાં **રામાયણ** ની કથા સાંભળતા હતા.

**૪.** ઘનશ્યામને મારવા જતા **કાલિદત્ત** મરી ગયો.

**૫.** નીલકંઠે **બાંશી** ગામમાં પોતાની વાણીને શાપ આપ્યો.

**વિભાગ-બ**

**(શ્રીજીમહારાજ, ધર્મ, પરબ્રહ્મ, સહજાનંદ સ્વામી, મંદિર, નિજમંદિર)**

**૬.** આપણા ઈષ્ટદેવ **સહજાનંદ સ્વામી** છે.

**૭.** ધર્મમ્ ચર એટલે **ધર્મ** નું આચરણ કરો.

**૮.** જ્ઞાન આપનાર ખરા ગુરુ સાક્ષાત્ **પરબ્રહ્મ** છે.

**૯.** મુક્તાનંદ સ્વામીએ આરતીમાં **શ્રીજીમહારાજ** નો ઘણો મહિમા ગાયો છે.

**૧૦.** જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને **નિજમંદિર** કહેવાય.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના મનમાં પ્રવેશી સરયૂદાસનાં દર્શન કર્યાં. | ૧. | ✗ |
| ૨. | આજે પણ મહારાજ ભક્તોને અંતકાળે તેડવા આવે છે. | ૨. | ✓ |
| ૩. | આપણે શું કરવું ને શું ન કરવું તેની ખબર ન હોય તે અંધકાર. | ૩. | ✓ |
| ૪. | જે સારી રીતે ભણે તે સ્વામીને ગમે. | ૪. | ✓ |
| ૫. | મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''ગુરુની આજ્ઞા સમજી ગાદી સંભાળો.'' | ૫. | ✗ |
| ૬. | સ્વામિનારાયણ ગાય જેવાને ગધેડા કરતા. | ૬. | ✗ |
| ૭. | સાધુઓને મહારાજની આજ્ઞા હતી કે જ્યાં અગવડ ન દેખો ત્યાં મુકામ કરજો. | ૭. | ✗ |
| ૮. | જેતલપુરના સૂબાનું કાવતરું મહારાજે ખુલ્લું પાડ્યું. | ૮. | ✗ |
| ૯. | જેતલપુરના યજ્ઞ વખતે અમદાવાદમાં અંગ્રેજ સરકારનું રાજ હતું. | ૯. | ✗ |
| ૧૦. | જેતલપુરના યજ્ઞમાં વિરોધીઓએ બૂમ મારી, ''ઘી ખૂટ્યું, ઘી ખૂટ્યું.'' | ૧૦. | ✗ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. રામાનંદ સ્વામીના જૂનામાં જૂના શિષ્ય કોણ હતા ?

**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) સરયૂદાસ (૩) શીતળદાસ — ૧. [ ૧ ]

૨. મહારાજે દીક્ષા આપ્યા પછી મગનીરામનું શું નામ પાડ્યું ? **(ooooooooooooooooooooooooo)**

(૧) સુખાનંદ **(૨) અદ્વૈતાનંદ** (૩) બ્રહ્માનંદ — ૨. [ ૨ ]

૩. મંદિરના થાંભલાઓ ઉપર કોની મૂર્તિઓ હોય છે ?

(૧) સંત - મુક્તો (૨) સંત - મહંત **(3) સંત - ભક્ત** — ૩. [ 3 ]

૪. મહારાજ ક્યારે ધામમાં પધાર્યા ?

(૧) ૨૬/૬/૧૮૬ **(૨) ૨૮/૬/૧૮૩૦** (૩) ૨૮/૯/૧૮૩૦ — ૪. [ ૨ ]

૫. મહારાજે કયા ગામમાં કહ્યું કે, ''યજ્ઞ નહીં અટકે.''

(૧) જેતલપુર (૨) ગઢડા **(3) ડભાણ** — ૫. [ 3 ]

૬. મહારાજે રાજી થઈને કોને ઈંટો આપી ?

**(૧) તેજાભાઈને** (૨) પુંડરિકને (૩) વિઠોબાને — ૬. [ ૧ ]

૭. મહારાજે શિક્ષાપત્રી ક્યાં (કયા ગામમાં) લખી ?

**(૧) વડતાલ** (૨) ગઢડા (૩) જુનાગઢ — ૭. [ ૧ ]

૮. સત્યમ્ વદ એટલે શું ?

**(૧) સાચું બોલો** (૨) ખોટું ન બોલો (૩) જે સાચું હોય, તે બોલો — ૮. [ ૧ ]

૯. ઘનશ્યામે ગૃહત્યાગ ક્યારે કર્યો ?

**(૧) અષાઢ સુદ દશમ** (૨) જેઠ સુદ દશમ (૩) ચૈત્ર સુદ દશમ — ૯. [ ૧ ]

**૧૦.** (કાશીમાં) વિદ્વાનોની સભામાં અધ્યક્ષની ગાદી પર કોણ બેઠું ?

(૧) કાશીના રાજા **(૨) ધર્મદેવ** (૩) ઘનશ્યામ **૧૦.** | ૨ |

**૧૧.** શાહ સોદાગરનું નિશાન શું હતું ?

(૧) છરી **(૨) સોનામહોર** (૩) ગ્રંથ **૧૧.** | ૨ |

**૧૨.** બધાના ઉપરી કોણ ?

(૧) ગુરુ (૨) સંત **(૩) ભગવાન** **૧૨.** | ૩ |

**૧૩.** ભગતજી મહારાજના ગુરુ કોણ ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) સહજાનંદ સ્વામી **૧૩.** | ૨ |

**૧૪.** કાશીના રાજાની સભામાં શું પ્રશ્ન થયો ?

**(૧) જ્ઞાન મોટું કે ભક્તિ** (૨) જ્ઞાન મોટું કે ધર્મ **૧૪.** | ૧ |

(૩) ભક્તિ અને વૈરાગ્ય મોટાં (ભક્તિ મોટી કે વૈરાગ્ય)

**૧૫.** રામાનંદ સ્વામીનો આશ્રમ ક્યા ગામમાં હતો ?

**(૧) લોજ** (૨) પીપલાણા (૩) જેતલપુર **૧૫** | ૧ |

**૧૬.** આપણા ભગવાન કોણ છે ?

(૧) પ્રમુખસ્વામી (૨) સહજાનંદ સ્વામી **(૩) શ્રીરામ** **૧૬.** | ૩ |

**૧૭.** મગનીરામને દીક્ષા આપ્યા પછી મહારાજે શું નામ આપ્યું ? **(૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦)**

**(૧) અદ્વૈતાનંદ સ્વામી** (૨) આત્માનંદ સ્વામી (૩) અદ્‌ભુતાનંદ સ્વામી **૧૭.** | ૧ |

**૧૮.** રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દિક્ષા ક્યારે આપી ?

**(૧) સંવત ૧૮૫૭માં** (૨) સંવત ૧૮૫૮માં (૩) સંવત ૧૮૬૦માં **૧૮.** | ૧ |

**૧૯.** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ક્યા ગામમાં ગાદી સોંપી ?

(૧) જેતલપુરમાં **(૨) જેતપુરમાં** (૩) પીપલાણામાં **૧૯.** | ૨ |

**૨૦.** જુનાગઢની સવારી વખતે છોકરાએ મહારાજને શું આપ્યું ?

(૧) ચીકુ (૨) કેળાં **(૩) કાકડી** **૨૦.** | ૩ |

**૨૧.** યોગીજી મહારાજના ગુરુ કોણ હતા ?

(૧) ભગતજી મહારાજ **(૨) શાસ્ત્રીજી મહારાજ** (૩) વિજ્ઞાનદાસ **૨૧.** | ૨ |

**૨૨.** ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

**(૧) ૧૧** (૨) ૯ (૩) ૧૫ **૨૨.** | ૧ |

**૨૩.** મહારાજનું ધામ કયું છે ?

**(૧) અક્ષરધામ** (૨) વૈકુંઠધામ (૩) ગોલોક **૨૩.** | ૧ |

**૨૪.** ઘનશ્યામે પાટલા પરથી કયો ગ્રંથ ઉપાડ્યો ? (હાથમાં લીધો ?)

**(૧) ગીતા** (૨) વચનામૃત (૩) રામાયણ **૨૪.** | ૧ |

**૨૫.** પાંચડે પાંચ .................. ન આવે આંચ.

(૧) ધર્મમાં **(૨) ભક્તિમાં** (૩) વૈરાગ્યમાં **૨૫.** ૨

**૨૬.** જ્યાં ભગવાન હોય (હરિ હોય) ત્યાં શું ન હોય ?

(૧) અંધકાર (૨) માંદગી **(3) વહેમ** **૨૬.** 3

**૨૭.** ઘનશ્યામના માતાનું નામ શું હતું ?

(૧) રચાદેવી **(૨) ભક્તિદેવી** (૩) સુવાસીની **૨૭.** ૨

**૨૮.** કાશીમાં વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ હતું ?

(૧) ઘનશ્યામ (૨) શંકરાચાર્ય **(3) ધર્મદેવ** **૨૮.** 3

**૨૯.** અમદાવાદ (માં) કોનું શાસન (રાજ્ય) હતું ?

(૧) મુગલ **(૨) પેશ્વા** (૩) બ્રિટીશ **૨૯.** ૨

**૩૦.** સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે કેટલા વરદાન માંગ્યા ?

(૧) એક (૨) ત્રણ **(3) બે** **૩૦.** 3

**૩૧.** જ્યાં મૂર્તિઓ પધરાવાય છે. તેને ગુજરાતીમાં શું કહે છે ?

(૧) ઘરમંદિર (૨) હરિમંદિર **(3) નિજમંદિર** **૩૧.** 3

**૩૨.** મહારાજનો અગ્નિસંસ્કાર ક્યાં કરવામાં આવ્યો ?

**(૧) લક્ષ્મીવાડીમાં** (૨) જ્ઞાનબાગમાં (૩) અક્ષરવાડીમાં **૩૨.** ૧

**૩૩.** મહારાજે શીતલદાસને કયો મંત્ર આપ્યો ?

**(૧) સ્વામિનારાયણ** (૨) ઓમ નમઃ શિવાય (૩) નારાયણ-નારાયણ **૩૩.** ૧

**૩૪.** સમાધિમાં શીતળદાસે કોને (ગાદી) સિંહાસન પર બેઠેલા જોયા ?

**(૧) શ્રીજીમહારાજને** (૨) રામાનંદ સ્વામીને (૩) શ્રીકૃષ્ણને **૩૪.** ૧

**૩૫.** ઘનશ્યામ કયા મંદિરમાં રામાયણની કથા સાંભળતા હતા ?

(૧) રામજીના **(૨) હનમાનજીના** (૩) સ્વામિનારાયણના **૩૫** ૨

**૩૬.** મગનીરામને મહારાજનો ભેટો ક્યાં થયો ?

(૧) કારિયાણી **(૨) માંગરોળમાં** (૩) અમદાવાદમાં **૩૬.** ૨

**૩૭.** (છાણીનાં) તેજાભાઈ અને તેમની મંડળીએ કયા તળાવનું ખોદકામ કરેલું ?

**(૧) ગોમતી** (૨) દૂધા તળાવડી (૩) ખાંપા તલાવડી **૩૭.** ૧

**૩૮.** ઘનશ્યામે ગૃહત્યાગ કરીને કઈ નદીમાં ઝંપલાવ્યું ?

(૧) ઘેલા (૨) ગંગા **(3) સરયું** **૩૮.** 3

**૩૯.** રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી આપી કેટલા નામ આપ્યા ?

(૧) ત્રણ (૨) એક **(3) બે** **૩૯.** 3

**૪૦.** નીલકંઠવર્ણીએ કેટલા વર્ષ સુધી વિચરણ કર્યું?

**(૧) ૭** (૨) ૯ (૩) ૧૧ **૪૦.** ૧

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

૧. ઘનશ્યામે ઘરનો ત્યાગ કર્યો ત્યારે તેમની સાથે કઈ વસ્તુઓ લીધી ?

**જ. ઘનશ્યામે ઘરનો ત્યાગ કર્યો ત્યારે (એક કોપીન ભેર ચાલી નીકળ્યા) અને સાથે કમંડળ, પલાશનો દંડ, શાલીગ્રામ અને ગુટકો (શાસ્ત્રનો સાર કાઢીને પોતાના હાથે તૈયાર કરેલ ગુટકો) લીધાં.**

૨. પિબેકે સાધુઓને શું ખાવા માટે કહ્યું ?

**જ. પિબેકે સાધુઓને માંસ ખાવાનું અને મદ્યપાન (દારુપીવાનું) કરવા માટે કહ્યું.**

૩. નીલકંઠ વર્ણીએ કેટલું વિચરણ કર્યું ?

**જ. નીલકંઠ વર્ણીએ સાત વરસ, એક માસ અને અગિયાર દિવસ વિચરણ કર્યું.**

૪. મહારાજે સુબાનું કાવત્રું કેવી રીતે ખુલ્લું પાડ્યું ?

**જ. મહારાજે સિંહાસનના પાયા આગળના ભાગ પર પોતાની લાકડી દબાવીને (તરત કડુડુડુ ભુસ કરતું આખું સિંહાસન ટાંકાના ઉકળતા તેલમાં જઈને પડ્યું) સુબાનું કાવત્રું ખુલ્લું પાડ્યું.**

૫. સાધુઓ શા માટે જામનગરથી ચાલી નીકળ્યા ?

**જ. સાધુઓ જામનગર છોડી ચાલી નીકળ્યા કારણ કે મહારાજે સાધુઓને આજ્ઞા કરી હતી કે જ્યાં ઘણી અગવડ દેખો ત્યાં મુકામ કરજો, અને સારા માનપાન મળે ત્યાં ન રહેજો.**

૬. સરયુદાસને ક્યાં રહેવું (મુકામ કરવો) નહોતું ગમતું ? ક્યાં રહેવું ગમતું ?

**જ. સરયુંદાસને ગામ કે શહેરમાં રહેવું ન હોતું ગમતું. તેમને જંગલમાં રહેવું ગમતું.**

૭. અયોધ્યામાં ઘનશ્યામને કયા મંદિરો વધુ ગમતાં ?

**જ. અયોધ્યામાં ઘનશ્યામન રામજી મંદિર અને હનુમાન ગઢીનું હનુમાનજીનું મંદિર વધુ ગમતાં.**

૮. પિબેકને સાચી શક્તિ વિશે શું સમજ્યું ?

**જ. પિબેકને સમજાયું કે સાચી શક્તિ અને ભક્તિની શક્તિ, પ્રેમની શક્તિ, ત્યાગ અને વૈરાગ્યની શક્તિ છે.**

૯. કાશીના વિદ્વાને ઘનશ્યામ માટે શું થયું ?

**જ. કાશીના વિદ્વાનોને થયું કે કોણ છે આ છોકરો ? શું એ પૃથ્વીલોકનો વાસી છે કે સ્વર્ગમાંથી ઉતરી આવેલો દેવ છે.**

૧૦. જે શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે (ની આજ્ઞાપાળશે) તેને માટે મહારાજે શું કહ્યું છે ?

**જ. જે શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે આ લોક અને પરલોકમાં સુખી થશે.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. નિરંતર સર્વ ક્રિયામાં.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.**

૨. આવા સાધુને મનમાં.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૩. કેટલેક રૂપિયે આંખ.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૪. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?**

૫. ગાફલાઈ ટાળવાનું.....

**જ. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. અક્ષરને મન ......... ચરણે અમને...

**જ. અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,**
**વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને....અક્ષર૦ ૪**

૨. ગુરુર્બ્રહ્મા ......... શ્રી ગુરવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

૩. સાતડે સાત, ......... અધર્મમાંથી ખસ...

**જ. સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત....મારા બંધુ**
**આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ....મારા બંધુ**
**નવડે નવ, તરી જા તું આ ભવ....મારા બંધુ**
**એકડે મીંડે દસ, અધર્મમાંથી ખસ....મારા બંધુ**

૪. નિત્ય નિત્ય નૌતમ, ......... કુટુંબ સહિત તરશે...

**જ. નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી; (૨)**

**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી....જય૦**

**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે; (૨)**

**કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....જય૦**

૫. માતાપિતાને ......... કીર્તન કરશું...

**જ. માતાપિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું,**

**દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું....અક્ષર૦ ૩**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** વેદો આપણને શું શીખવે છે ?

**૨.** શીતળદાસને સમાધિમાં શું (જોયું ?) દેખાયું ?

**૩.** જોબનપગીએ મહારાજની પરીક્ષા કરવા કયા સંકલ્પો કર્યાં ? મહારાજે તે કેવી રીતે પુરાં કર્યાં